| | |
|---|---|
| કેસ દાખલ થયાની તા. | ૨૫/૦૧/૨૦૧૯ |
| કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૨૫/૦૧/૨૦૧૯ |
| ઠરાવ જાહેર થયાની તા. | ૦૧/૦૪/૨૦૨૬ |
| સમયગાળો:વર્ષ–૦૭,મહિનો–૦૧ ,દિવસ–૨૩ | |

---

**મેઘરજ તાલુકાના મહેરબાન એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ**

---

**<u>ક્રિમીનલ કેસ નંબર– ૮૯/૨૦૧૯</u>**

**<u>આંક–</u>**

---

**ફરીયાદી:** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપીઓ:** (૧) સંજયભાઈ મનુભાઈ ખાંટ
રહે.નવી વાંક(લાલપુર),જી.અરવલ્લી

---

**ગુન્હો:– <u>ગુજરાત પ્રોહીબિશન અધિનીયમની કલમ – ૬૫ (ઈ) મુજબ</u>**

---

ફરિયાાદ પક્ષ તરીકે વિ. એ. એન. સૈની

આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૨૯૯ મુજબ કાર્યવાહી ચલાવેલ છે

---

**–: <u>જજમેન્ટ</u> :–**

**(૧)** આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૧/૧૧/૦૧૮ ના ક. ૨૩/૦૦ વાગે મોજે વડથલી ગામમા આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબ્જામા પહેરેલ પેંટ નેફામા વગર પાસ પરમીટે રાજસ્થાન બનાવટના કંપની શીલબંધ માર્કાના ૧૮૦ એમ.એલ. ના જેના બુચ ઉપર એગ્રીબાયોટેક ઈન્ડસ્ટ્રીઝ એલટીડી અજીતગરા રાઉંડ્મા એ લખેલ છે તે દેશી મદિરા

ક્વાટરીયા નંગ–૦૨ કિં.રૂ. ૧૦૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ ગુન્હો કર્યા બાબતે. આરોપી વિરુધ્ધ ધી પ્રોહીબીશન અએક્ટની કલમ :૬૫ (ઈ) મુજબના ગુના સબબનુ ચાર્જશીટ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

**(૨)** તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ રજુ કરતા, સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતા. પરંતુ સને–૨૦૧૯ નો ગુન્હો હોય તેમ છતાં સને–૨૦૨૬ સુધી ફરિયાદપક્ષની પોલીસ એજન્સી આરોપી વિરૂધ્ધ પ્રોસેસ બજવણી કરી આરોપીને અદાલતમાં હાજર રખાવવામાં નિષ્ફળ રહેલ હતી. જેથી, આરોપી વિરૂધ્ધ સી. આર. પી. સી. કલમ ૨૯૯ અન્વયે કાર્યવાહી ચલાવવા હુકમ કરવામાં આવેલ.

**(૩)** ફરીયાદપક્ષે આરોપી ઓ સામેનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી લાલજીભાઈ બાબુભાઈ કલાસવાની જુબાની | ૦૮ |
| ૦૨ | ફરિયાદ | ૦૯ |
| ૦૪ | દા.ક.અ. સરસ્વતીબેન ફતેસિંહ ની જુબાની | ૧૦ |
| ૦૫ | ત.ક.અ. શંકરભાઈ સોમાભાઈની જુબાની | ૧૧ |
| ૦૬ | પંચસાહેદ હઢીસિંહ જગતસિંહ ચૌહાણ ની જુબાની | ૦૭ |
| ૦૭ | પંચનામું | ૦૬ |
| ૦૮ | પંચસાહેદ મોહનસિંહ દલપતસિંહ ની જુબાની | ૦૫ |

**(૪)** ઉપરોકત રજુ થયેલ ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ સદર કામ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ ચાલેલ હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે સરકારી વકીલ શ્રીની દલીલો સાંભળી.

**(૫)** કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, સદર કામના આરોપી ઓ એ ધી પોહી. એકટની કલમ– ૬૫ (ઈ) મુજબ શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>–:કારણો:–</u>**

(૭)

આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં જોઈએ તો, આ કામે **<u>આંક– ૦૭</u>** થી પંચસાહેદ હઢીસિંહ જગતસિંહ ચૌહાણ તથા **<u>આંક–૦૫</u>** થી પંચસાહેદ મોહનસિંહ દલપતસિંહ સતાવર ને ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલાં છે. પરંતુ આ પંચસાહેદ તેમની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ફરિયાદપક્ષ દ્વારા આ પંચોને ફરી ગયેલાં જાહેર કરવાની અરજ કરતાં આ કામના પંચસાહેદને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલાં છે અને ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરુ પાડેલ નથી.જેથી, **<u>આંક– ૦૬</u>** થી મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામાને રજુ કરવામાં આવેલ છે તે ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

ત્યારબાદ આ કામનાં ફરિયાદી લાલજીભાઈ બાબુભાઈ કલાસવાને **<u>આંક–૦૮</u>** થી તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે તેમણે તેમની જુબાનીમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, હું તા.૨૧/૧૧/૨૦૧૮ ના રોજ ઈસરી પો.સ્ટે ખાતે આ.પો.કો. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે હું તથા અ.હે.કો. શંકરભાઈ સોમાભાઈ સરકારી વાહનમાં પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન ઈસરી પો.સ્ટેશનથી પી.એસ.ઓ.નો ફોન આવેલ અને જાણ કરેલી કે વડથલી ગામેથી ચૌહાણ હમીરસિંહ રતનસિંહનો ફોન આવેલ છે અને એક ઈસમ દારુના બે કવાટરીયા સાથે અમો તથા

ગામના લોકોએ પકડેલ છે જેથી પોલીસ મોકલી આપો તેથી અમો બન્ને સરકારી વાહન લઈ વડથલી ગામે આશાપુરા મેલડી માતાના મંદિર સામે ટોળુ ઉભુ હતુ ત્યાં ગયેલા ત્યારે હમીરસિં હનાઓએ અમોને વાકેફ કરેલ કે મે તથા ચૌહણ સંદિપસિંહ કાળુસિંહ, ચૌહાણ ભુપતસિંહ હડમતસિંહ, ચૌહાણ કિર્તીરાજસિંહ કરણસિંહ, રાઠોડ ગીરીરાજસિંહ ભારતસિહ, ચૌહાણ નરેન્દ્રસિંહ રતનસિંહ તથા ગામના માણસોએ સદર ઈસમ પકડેલ છે જેથી નજીકમાંથી બે પં ચના માણસો બોલાવી તેઓ રૂબરુ પકડાયેલ ઈસમનુ નામઠામ પુછતા પોતાનુ નામ સં જયભાઈ મનુભાઈ ખાંટ, રહે.નવીવાંક, લાલપુર, તા.મેઘરજનો હોવાનુ જણાવેલ અને તેની અં ગઝડતી કરતા સદર ઈસમના પાસે પેન્ટના ખિસ્સાના નેફામાથી બે દેશી મદીરાના કવાટરીયા મળી આવેલ જે રાજસ્થાન બનાવટ કંપની શીલબધ માર્કાના ૧૮૦ એમ એલના કી.રુ.૧ ૦૦/- ગણી પંચનામાની વિગતવારનુ પંચનામુ કરી તપાસ અથે કબજે કરેલ અને આ બનાવ બાબતે મે પી.એસ.ઓ. રૂબરુ ફરીયાદ આપેલ.

ત્યારબાદ આ કામનાં દા.ક.અ. સરસ્વતીબેન ફતેસિંહ ને **<u>આંક- ૧૦</u>** થી તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમણે તેમની જુબાનીમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તા.૨૧/૧૧/૨૦૧૮ ના રોજ ઈસરી પો.સ્ટે ખાતે એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતી હતી ત્યારે હું સદર દિવસે પી.એસ.ઓ. તરીકે ઈસરી પો.સ્ટેશન ખાતે ફરજ ઉપર હતી તે દરમ્યાન આ કામના ફરીયાદી આ.પો.કો. લાલજીભાઈ બાબુભાઈનાઓએ મારી રૂબરુ આરોપી સંજયભાઈ મનુભાઈ ખાં ટને પકડી મારી રૂબરુ રજુ કરેલ અને તેની વિરુધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ અમોએ ઈસરી પો.સ્ટેશન થર્ડ ગુ.ર.નં.૫૧૪૭/૨૦૧૮, પ્રોહી એકટની કલમ - ૬૫ ઈ મુજબ નોધી આગળની તપાસ અ.હે.કો. શંકરભાઈ સોમાભાઈનાઓને સપ્રત કરેલ જે આંક-૦૯ વાળી ફરીયાદ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં અ.પો.કો. લાલજીભાઈની મારી રૂબરુ સહી છે જે ઓળખી બતાવુ છુ. આ કામના આરોપીને હુ ઓળખુ છુ જે આજ રોજ નામ.કોર્ટમાં હાજર નથી.

ત્યારબાદ આ કામનાં સાહેદ ત.ક.અ. શંકરભાઈ સોમાભાઈનીને **<u>આંક-૧૧</u>** થી તપાસ ેલ છે તેઓએ તેમની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેમણે

જુબાનીમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, હું તા.૨૧/૧૧/૨૦૧૮ ના રોજ ઈસરી પો.સ્ટે ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે હું તથા અ.પો.કો. લાલજીભાઈ બાબુભાઈ સાથે સરકારી વાહનમાં પો.સ્ટે. વિસ્તારમાં પેટોલીગમાં હતા તે દરમ્યાન ઈસરી પો.સ્ટેશનથી પી.એસ.ઓ.નો ફોન આવેલ અને જાણ કરેલી કે વડથલી ગામેથી ચૌહાણ હમીરસિંહ રતનસિંહનો ફોન આવેલ છે અને એક ઈસમ દારુના બે કવાટરીયા સાથે અમો તથા ગામના લોકોએ પકડેલ છે જેથી પોલીસ મોકલી આપો તેથી અમો બન્ને સરકારી વાહન લઈ વડથલી ગામે આશાપુરા મેલડી માતાના મંદિર સામે ટોળુ ઉભુ હતુ ત્યાં ગયેલા ત્યારે હમીરસિં હનાઓએ અમોને વાકેફ કરેલ કે મે તથા ચૌહણ સંદિપસિંહ કાળુસિંહ, ચૌહાણ ભુપતસિંહ હડમતસિંહ, ચૌહાણ કિર્તીરાજસિંહ કરણસિંહ, રાઠોડ ગીરીરાજસિંહ ભારતસિહ, ચૌહાણ નરેન્દ્રસિંહ રતનસિંહ તથા ગામના માણસોએ સદર ઈસમ પકડેલ છે જેથી નજીકમાંથી બે પં ચના માણસો બોલાવી તેઓ રૂબરુ પકડાયેલ ઈસમનુ નામઠામ પુછતા પોતાનુ નામ સં જયભાઈ મનુભાઈ ખાંટ, રહે.નવીવાંક, લાલપુર, તા.મેઘરજનો હોવાનુ જણાવેલ અને તેની અં ગઝડતી કરતા સદર ઈસમના પાસે પેન્ટના ખિસ્સાના નેફામાથી બે દેશી મદીરાના કવાટરીયા મળી આવેલ જે રાજસ્થાન બનાવટ કંપની શીલબધ માર્કાના ૧૮૦ એમ એલના કી.રુ.૧ ૦૦/– ગણી પંચનામાની વિગતવારનુ પંચનામુ કરી અમો ધ્વારા તપાસ અથે કબજે કરેલ જે **આંક–૦૬** વાળુ પંચનામુ મને બતાવવામાં આવે છે જેમાં પંચોની મારી રૂબરુ સહી છે જે ઓળખી બતાવુ છુ અને આ બનાવ બાબતે લાલજીભાઈ બાબુભાઈ નાઓએ પી.એસ.ઓ. સરસ્વતીબેન ફતેસિંહ રૂબરુ ફરીયાદ આપેલ જે ફરીયાદ તેઓએ ઈસરી પો.સ્ટેશન થર્ડ ગુ.ર.નં.૫૧૪૭/૨૦૧૮, પ્રોહી એકટની કલમ – ૬૫ ઈ મુજબ નોધી આગળની તપાસ અમોને સોપતા અમોએ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોધી આરોપીને અટક કરી નામ.કોર્ટમાં રજુ કરેલ ત્યારબાદ તપાસના કાગળો વં ચાણે લેતાં આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને હુ ઓળખુ છુ જે આજ રોજ નામ.કોર્ટમાં હાજર ન થી.

(૮) ઉપર ચર્ચા કર્યા અનુસાર ફરિયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનુ મુલ્યાકન કરીએ તો સદર કામે સ્વતંત્ર અને તટસ્થ અને નિષ્પક્ષ કહી શકાય તેવા પંચ સાહેદોએ સમર્થન આપેલ

નથી. જયારે આ કામે અન્ય તપાસવામાં આવેલા પોલીસ સાહેદોએ હિત ધરાવતાં સાહેદ ગણી શકાય. હિત ધરાવતાં સાહેદોનો પુરાવો લક્ષમાં લેવો જ ન જોઈએ, તેવો કોઈ પ્રસ્થાપિત સિધ્ધાંત નથી, પરંતુ તેવા પુરાવાને તટસ્થ અને સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદોનાં પુરાવાથી સમર્થન મળવું જરૂરી છે. વધુમાં, બનાવવાળીજગ્યા જાહેર વિસ્તાર છે. જ્યા સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હતા છતા સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. સદર કામે કોઈ એફ.એસ.એલ રીપોર્ટ રજુ રાખવામાં આવેલ નથી. જેથી પકડાયેલ મુદામાલ દારૂ જ હતો તે પુરવાર થતુ નથી. આથી તે હકીકત પણ ફરિયાદપક્ષનાં કેસ પરત્વે શંકા પ્રેરે છે. શંકા ગમે તેટલી સબળ કે પ્રબળ હોય, તે પુરાવાનું સ્થાન લઈ શકે નહીં, તેવો પ્રસ્થાપિત સિધ્ધાંત છે અને તે સિધ્ધાંત હાલનાં કામે બરાબર અને સચોટ રીતે લાગુ પડે છે. આમ, આરોપીના સભાન કબ્જામાંથી દારૂ મળી આવેલ હોય તેવો પુરાવો ફરીયાદપક્ષે નિ:શંકપણે રજુ થયેલ નથી. આમ, ઉપર ચર્ચા કર્યા પ્રમાણે આ હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવી જોઈએ, જે સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખીને આરોપીઓને સજા કરી શકાય નહીં. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ઉપરોકત સંજોગો અને હકીકતોને ધ્યાનમાં લેવામા આવે તો ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ તેમ ન હોય તેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## -: આખરી હુકમ :-

**(૧)** આ કામે ઇસરી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૫૧૪૭૭૧૮ ના કામે (૧) સંજયભાઈ મનુભાઈ ખાંટ,રહે.નવી વાંક(લાલપુર),જી.અરવલ્લી.ના ઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૪૮(૧) હેઠળ પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ (ઈ),૧૧૬(બી) મુજબનાં સજાને પાત્ર ગુન્હાંમાંથી પુરતા પુરાવાના અભાવે બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧.૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ–૨૯૯ સાથે વાંચતા કલમ–૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂ સેન્ટ્રલ એકસાઈઝ કચેરી, મોડાસાને નિયમોનુસાર યોગ્ય નિકાલ અર્થે અપીલ સમય બાદ મોકલી આપવો.

**(૩)** આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ હુકમ આજ તારીખ–૦૧લી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા.૦૧/૦૪/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮)** |